## સંક્ષિપ્ત સમાચાર

### કપરાડા તાલુકા પ્રાથમિક શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિર યોજાઈ




વલસાડ: કપરાડાની એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે કપરાડા તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિરનું આયોજન જિલ્લા પંચાયતના પ્રમુખ મનહર પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ માર્ગદર્શન શિબિર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવી હતી. નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અર્જુન પટેલ દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ માર્ગદર્શન શિબિરમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી. વસાવાએ મુખ્ય શિક્ષકોને આયોજનબદ્ધ રીતે શાળા સંચાલન કરવા માટે ટકોર પણ કરી હતી. આ કાર્યક્રમમાં બીઆરસી કો-ઓર્ડિનેટર સંજય મકવાણા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### બીલીમોરા આઈટીઆઈની સિદ્ધિ



કેરસી બારીયા

બીલીમોરા: નવી દિલ્હીમાં સ્કીલ ઇન્ડિયા મિશનની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરાઈ હતી, જેમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ જગતના દિગ્ગજો, કૌશલ્ય ક્ષેત્રના અગ્રણીઓ અને દેશભરના યુવા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે બીલીમોરા આઈટીઆઈની સમગ્ર ઓલ ઇન્ડિયામાં આવતા ૬ ઝોનમાંથી પ્રશ્ચિમ ઝોનમાં શ્રેષ્ઠ તરીકે પસંદગી કરાતાં સમગ્ર પંથકમાં આનંદ વ્યાપી ગયો હતો. નવો અભિગમ, વ્યવસાયીક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ તાલીમ, આધુનિક સાધનો અને તાલીમ માધ્યમોનું ઉકેલાત્મક વપરાશ સફળતા પાછળનું મુખ્ય કારણ છે.

### ઉમરગામની શ્રી એમ.કે.મહેતા બી.એડ. કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ઉમરગામ: ઉમરગામ નવનિર્માણ કેળવણીમંડળ સંચાલિત શ્રી એમ.કે.મહેતા બી.એડ. કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં રાષ્ટ્રીય નિર્માણમાં યુવાનોની ભૂમિકા, સોશિયલ મીડિયા ઉપયોગ કે દુરુપયોગ, કૃત્રિમ બુદ્ધિ ભવિષ્યનો મિત્ર કે ખતરો, શું પૈસાથી આનંદ મળી શકે?, પુસ્તકો કે ઇન્ટરનેટ-સારો શિક્ષક કોણ? જેવા અનેક આજના યુવાનોને પડકાર આપતા વિષયો આવરી લેવામાં આવ્યા હતા, જેમાં બધા તાલીમાર્થીઓએ સૂઝબૂઝથી અલગ અલગ વિષય પર પોતાના વિચારો મુક્ત રીતે રજૂ કર્યા હતા, જેમાં પ્રથમ સ્થાને પંચાલ સૃષ્ટિ, દ્વિતીય સ્થાને પટેલ વૃતિકા અને તૃતીય સ્થાને પટેલ મૈત્રીબેન આવ્યાં હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડો.નીતિનકુમાર અને પ્રા.રેખાબેન ચૌધરીએ સેવા આપી હતી.

### નવસારી જિલ્લામાં ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત ૪.૪૦ લાખ ઘરનો સરવે કરાયો



નવસારી: નવસારી જિલ્લામાં જુલાઇ-'ડેન્ગ્યુ વિરોધી માસ' અંતર્ગત ૪,૪૦,૫૨૩ ઘરોનો સર્વે કરી ૧૨,૮૯,૯૦૪ પાત્રોની તપાસ કરવામાં આવી હતી. નવસારી જિલ્લામાં આવેલ તમામ ગામ/વોર્ડમાંમાં જુલાઈ માસ અંતર્ગત મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ઘરે ઘરે ફરી સરવે તથા મેલેરિયા-ડેંગ્યુ સર્વેલન્સ, એન્ટીલાર્વલ, ફોગિંગ, ટાયર્સ, કેરબા, પીપડા તેમજ નકામા બિનવપરાશી કાટમાળનો નિકાલ, આરોગ્યલક્ષી જન જાગૃતિ અર્થે વિવિધ કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી હતી. મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ઝુંબેશના ભાગરૂપે જુલાઇ માસની ગત તા.૧-૭-૨૫થી તા.૨૦-૭-૨૫ દરમિયાન પ્રા.આ. કેન્દ્ર/શહેરી પ્રા.આ.કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ૪,૪૦,૫૨૩ ઘરનો સરવે કરી ૧૨,૮૯,૯૦૪ પાત્રો ચેક કરવામાં આવ્યાં હતા. જેમાંથી કુલ ૨૫૫૪ પોઝિટિવ પાત્રો તથા ૪,૩૧,૪૧૮ પાત્રોમાં અબેટ ટ્રીટમેન્ટની કામગીરી કરવામાં આવી છે. જિલ્લામાં અર્બન વિસ્તારમાં મૂકવામાં આવેલા ૯ વેક્ટર કંટ્રોલ ટીમના ૪૫ સભ્ય દ્વારા અર્બન વિસ્તાર ખાતે એન્ટિલાર્વલ કામગીરી જેમાં ટેમીફોસ, ડાઇફ્લુબેંઝુરોન છંટકાવ, ઓઇલ બોલ, સોર્સ રિડક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. જુલાઇ માસ દરમિયાન તા.૫-૭-૨૫થી તા.૧૦-૭-૨૫ દરમિયાન બાયોલોજિકલ ગપ્પી ફિશ ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવી હતી, જેમાં જિલ્લામાં આવેલ તળાવ, પડતર કૂવા, ખાડા ખાબોચિયા, હવાડા, હેચરી, અન્ય સ્થળો એમ કરીને ૧૧૯૪ સ્થળમાં ૨૧,૧૬૨ ગપ્પી ફિશ મૂકવામાં આવી છે.

### વાંસદાની આશા વિરેન્દ્ર મજબુદાર ઈંગ્લિશ એકેડેમી શાળામાં હેડ-બોય અને હેડ-ગર્લ માટે ચૂંટણી યોજાઈ



નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકા કેળવણી મંડળ સંચાલિત આશા વિરેન્દ્ર મજમુદાર ઈંગ્લિશ એકેડેમી શાળામાં હેડ-બોય અને હેડ-ગર્લના હાઉસ કેપ્ટન અને સ્પોર્ટ્સ કેપ્ટન માટે ચૂંટણી યોજી મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શાળાના આચાર્ય મહેશ બઢે દ્વારા શાળાનાં બાળકોને મતદાનનું મહત્ત્વ સમજાવતા સંબોધન કર્યું હતું. શાળામાં અભ્યાસ કરતા ધો.૧૧ અને ધો.૯નાં બાળકોએ હેડબોય-ગર્લ અને હાઉસ કેપ્ટન, સ્પોર્ટ્સ કેપ્ટન માટે ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારોને વિજેતા બનાવવા માટે ધો.૪થી ધો.૧૨ના વિદ્યાર્થીઓ તથા તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓએ પોતાનું મતદાન કર્યું હતું. આમ, આ મતદાન દ્વારા બાળકોમાં સરળ રીતે મતદાન જાગૃતિ માટે અનેરો પ્રયાસ થયો હોય એમ કહી શકાય.

# ઉમરગામના વલવાડામાં ગોચર જમીન ઉપરનું દબાણ હટાવાયું

**કલેક્ટરના** આદેશ બાદ JCB મશીનથી રસ્તો ખોદી નાંખી દબાણ દૂર કરવામાં આવ્યું


ઉમેશ સોલંકી

ઉમરગામ: કલેક્ટરના આદેશ બાદ ઉમરગામના વલવાડા ગામે ગોચર જમીન પરનું દબાણ હટાવવામાં આવ્યું હતું. રસ્તો બનાવી દબાણ કરાયું હોવાથી JCB મશીનથી રસ્તો ખોદી નાંખી દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

ઉમરગામના વલવાડા ગામમાં આવેલી ગોચર જમીન ઉપર કંપનીના ફાયદા માટે રસ્તો બનાવવામાં આવ્યો હોવાનો વિવાદ રાજ્યના મુખ્યમંત્રી તથા કલેક્ટરના સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યો હતો. આ સમગ્ર મામલે તપાસ થઈ હતી. ડીએલઆર દ્વારા જમીનની માપણી કરવામાં આવી હતી અને દબાણ કરતાને નોટિસ આપવા છતાં પણ દબાણ દૂર ન કરવામાં આવતાં આખરે પોલીસ બંદોબસ્ત સાથે વલવાડા ગ્રામ પંચાયત અને તંત્રના અધિકારીઓએ ગેરકાયદે કરવામાં આવેલું દબાણ રસ્તો ખોદી નાંખી દૂર કર્યું હતું. દબાણ હટાવવાની કાર્યવાહી ચાલી રહી હતી દરમિયાન શુક્રવારે ઉમરગામ તાલુકા વિકાસ અધિકારીએ સરપંચ અને તલાટી કમ મંત્રીને પત્ર લખી જણાવ્યું હતું કે,વલવાડા ગામે સરવે નં.445 અને 447માં હાલ જે રસ્તો છે તે તા.11/8/2025 સુધી ચાલુ રાખવા અરજદાર હિતેશભાઈ કિકુભાઈ પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આ રસ્તો હાલ પૂરતો ખુલ્લો રાખી અને સંબંધિત સક્ષમ અધિકારીને જાણ હેઠળ તા.12/8/2025ના રોજ અગાઉથી જ જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી સદર દબાણ દૂર કરવા જણાવવામાં આવ્યું છે.

## વાંગણમાં ૨૦ વર્ષથી પણ વધુ જૂની સહકારી મંડળીનું ગોડાઉન જોખમી

**જર્જરિત** થઈ ગયેલા ગોડાઉનની બાજુમાં જ શાળા આવેલી છે, છતાં ગંભીરતા દાખવાતી નથી


નિલેશ કાપડિયા

વાંસદા: વાંગણ ગામે પ્રાથમિક શાળાની બાજુમાં જ આવેલું અત્યંત જર્જરિત અને જોખમી સહકારી મંડળીનું ગોડાઉન શાળાએ આવતાં બાળકો માટે જોખમી હોવા છતાં દૂર કરાતું નથી.

વાંસદા તાલુકાના વાંગણ ગામે ખોરા ફળિયા ખાતે પ્રાથમિક શાળા આવેલી છે. જેને બિલકુલ અડીને જ એક અત્યંત જર્જરિત અને ખંડેર હાલતમાં સહકારી મંડળીનું ગોડાઉન આશરે ૨૦ વર્ષથી પડુંપડું હાલતમાં જોવા મળી રહ્યું છે, ત્યારે તંત્ર શું આ ઇમારત તૂટી પડી કોઈ ગંભીર દુર્ઘટનાની થાય તેની રાહ જોઈ રહ્યું છે? તેમજ બાજુમાં આવેલી શાળામાં જવાનો રસ્તો પણ ગોડાઉન પાસેથી જ પસાર થતો હોવાથી નાનાં બાળકો સાથે અકસ્માતની ઘટના બની શકે તેમ છે. આ ગોડાઉન વર્ષોથી બંધ હાલતમાં રહેતાં ઉપર એક વૃક્ષ ઊગી નીકળી ધીરે ધીરે મોટું થઈ રહ્યું છે. ત્યારે હાલ ચોમાસું ચાલી રહ્યું હોવાથી આવી જર્જરિત ઇમારતો તૂટી પડવાની સંભાવના વધી ગઈ જાય છે. શાળાની બાજુમાં જ ગોડાઉન નજીક ડસ્ટબિન પણ મૂકવામાં આવી છે, જેમાં બાળકો દ્વારા કચરો ફેંકવા જાય છે. જો ઇમારત એ વેળા તૂટી પડે તો મોટી હોનારત થઈ શકે.

આ જોખમી ગોડાઉનને દૂર કરવા માટે છ માસ અગાઉ અધિકારીઓને રજૂઆત પણ કરાઈ હતી, પરંતુ અધિકારીઓ દ્વારા કોઈ જ નોંધ લેવાતી નથી. આથી વહેલી તકે તંત્રએ ધ્યાન આપી જરૂરી પગલાં ભરવા જોઈએ.

## નવસારીમાં ફરી વરસાદનો વિરામ, તાપમાન 30 ડિગ્રીને પાર

નવસારી: નવસારી અને વાંસદા સિવાય અન્ય તાલુકાઓમાં વરસાદે હાજરી પુરાવી હતી. જો કે, તેના પગલે મહત્તમ તાપમાન ફરી વખત 30 ડિગ્રીને પાર થયું છે.


શુક્રવારે નવસારી અને વાંસદામાં વરસાદે વિરામ લીધો હતો. ઉપરાંત જલાલપોર, ગણદેવી અને ચીખલીમાં 1 મીમી, જ્યારે ખેરગામમાં 10 મીમી વરસાદ 12 કલાકમાં નોંધાયો હતો. નજીવા વરસાદને કારણે ગુરુવારે મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી હતું, તેમાં 1 ડિગ્રીનો વધારો થઈ મહત્તમ તાપમાન શુક્રવારે 30.5 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 0.5 ડિગ્રીના ઘટાડા સાથે 24 ડિગ્રી નોંધાયું હતું. ફરીથી ભેજમાં મોટો તફાવત નોંધાયો હતો. સવારે વાતાવરણમાં 90 ટકા ભેજ હતો. જ્યારે સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 84 ટકા થઈ ગયું હતું. ભેજમાં રહેલા મોટા તફાવતને કારણે હવે વરસાદ વિરામ લેશે એમ લાગે છે.

## સમન્સ-વોરંટની બજવણી ટાળવા વાપી કોર્ટમાં હાજર ન થતાં બે સામે ગુનો

વાપી: લુધિયાણા અને વલસાડના અતુલમાં રહેતા ઈસમો સમન્સ તથા વોરંટની બજવણી ટાળવા વાપી કોર્ટમાં હાજર ન થઈ ભાગી ગયેલ હોય, જે અંગે તેમની સામે વાપી ટાઉન પોલીસમથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર વાપી કોર્ટમાં નીલમકુમાર વિદ્યાસાગર ઓસવાલ (રહે.,પંજાબ વુલકમ્બર્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર, લુધિયાના) સામે, જ્યારે બીજા બનાવ કેસમાં વલસાડના અતુલમાં રહેતા આમ્રપાલશ્રી રામદેવ યાદવ સામે કેસ હોય કોર્ટમાં હાજર ન થતા સમન્સ તથા વોરંટ કઢાયાં હતાં. આ સમન્સ તથા વોરંટની બજવણી ટાળવા માટે તે ઈસમો ભાગી ગયેલ હોય અને કોર્ટમાં હાજર થતા ન હતા. અંતે કાર્યવાહી કરવા વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
જન્મ મરણ નોંધણી અરજી નં.૧૮૧/૨૦૨૫
અરજદાર : જીવણભાઈ ઝીણાભાઈ પટેલ, રહે.પાણીખડક, ટોપલ ફળિયા તા.ખેરગામ જિ.નવસારી
વિરૂધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પાણીખડક તા.ખેરગામ જિ.નવસારી
આ કામના અરજદારશ્રી જીવણભાઈ ઝીણાભાઈ પટેલ રહે. પાણીખડક, ટોપલ ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના સગી પુત્રી ખ્યાતિબેન જીવણભાઈ પટેલનો જન્મ મોજે.પાણીખડક તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૨૭/૧૨/૧૯૮૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સંમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.
(આર.સી.પટેલ)
ઈ.ચા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
વાંસદા
તા. ૨૫/૭/૨૦૨૫
સ્થળ : વાંસદા
કોર્ટનો સિક્કો




# વલસાડ એસ.ટી. બસ સ્ટેશનમાં ગંદકીથી મુસાફર-કર્મચારીઓ હેરાન



**સ્ટેઇનલેસ** સ્ટીલની રેલિંગ પણ તકલાદી

વલસાડ: વલસાડ સ્થિત મધ્યસ્થ બસ સ્ટેશનના પ્રાંગણમાં પાલિકાની ગટરનું ગંદું પાણી વહી આરસીસી યુક્ત પરિસરમાં ખાડા સર્જી રહ્યું છે. જેથી એસટીને પણ નુકસાન થાય છે અને મુસાફરોને પણ ગંદકી પરેશાન કરે છે. તો ડેપોના પ્રતીક્ષાલય સમા પ્લેટફોર્મ્સ વિસ્તારમાં પણ શૌચાલયની દુર્ગંધ પ્રસરી જતાં મુસાફરોએ મોં ઉપર રૂમાલ મૂકવાની ફરજ પડી રહી છે. સમયાંતરે ડેપો પરિસરમાં ગટરનું ગંદું પાણી આવતું હોવા છતાં ડેપો સત્તાધીશો દ્વારા કોઈ નક્કર કાર્યવાહી, પગલાં કે રજૂઆત ન કરાતાં પરિસ્થિતિ યથાવત રહે છે. ત્યારે એસટી ડેપોમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્વચ્છતા અભિયાનનું પાલન કરી ડેપો પરિસરને ગંદકી અને દુર્ગંધ ખાડામુક્ત કરવામાં આવે તેવી મુસાફર જનતાની માંગ છે. માત્ર સ્વચ્છતા અભિયાનના મીડિયામાં ફોટો પડાવી લોકોમાં ખોટી વાહ વાહ મેળવવી એ વ્યાજબી નથી. ડેપોના દરેક પ્લેટફોર્મ પાસે જે સલામતી માટે આડસ છે, તે સ્ટેઇનલેસ સ્ટીલની રેલિંગ બનાવેલી છે. તે પણ તકલાદી અને હાલક ડોલક થાય છે, જે તૂટી પડવાની સંભાવના છે.

## બીલીમોરા મોઢ ગાંધી યુવકમંડળે લઘુરુદ્ર યજ્ઞ અને પાર્થેશ્વર શિવલિંગની મહાપૂજા કરી

બીલીમોરા: બીલીમોરા મોઢ ગાંધી યુવકમંડળ દ્વારા સતત ત્રીજા વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં પ્રજાપતિ વાડીમાં ૧૪ જોડાં યજમાનની સાથે લઘુરુદ્ર યજ્ઞ તથા પાર્થેશ્વર શિવલિંગની મહાપૂજાનું આયોજન કરાયું હતું. આ ધાર્મિક કાર્યમાં બીલીમોરા, નવસારી, ચીખલી, અમલસાડ, ધરમપુર, વલસાડ, ખેરગામ, પ્રતાપનગરથી સમાજના પ્રમુખ, ટ્રસ્ટી તેમજ સંસ્થાનાં મહિલામંડળ પણ હાજર રહ્યાં હતાં. આશરે ૧૨૦૦ જેટલા લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમાજની ત્રણ બાળાઓએ નૃત્ય અને શિવ તાંડવ રજૂ કર્યું હતું. તેમને તૈયાર કરાવવા બીલીમોરા સમાજના પીનલબેન, તન્વીબેન અને જયાબેનને જહેમત ઉઠાવી હતી. શ્રી બીલીમોરા મોઢ ગાંધી યુવકમંડળના પ્રમુખ અંબરીષભાઈ અને મંત્રી અલકેશભાઈએ યુવકમંડળના તમામ સભ્યો તરફથી આ ધાર્મિક કાર્યમાં સહકાર આપનારાનો આભાર વ્યક્ત કર્યો હતો.

**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**
૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે
ડોલવણ:- ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)
અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.
મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬

**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**
જન્મ મરણ નોંધણી અરજી નં.૧૮૬/૨૦૨૫
અરજદાર : રામજીભાઈ ઝીણાભાઈ પટેલ, રહે.પાણીખડક, ટોપલ ફળિયા તા.ખેરગામ જિ.નવસારી
વિરૂધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પાણીખડક તા.ખેરગામ જિ.નવસારી
આ કામના અરજદારશ્રી રામજીભાઈ ઝીણાભાઈ પટેલ રહે. પાણીખડક, ટોપલ ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના સગા ભાઈ જીવણભાઈ ઝીણાભાઈપટેલનો જન્મ મોજે.પાણીખડક તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૦૩/૧૦/૧૯૫૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.
(આર.સી.પટેલ)
ઈ.ચા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
વાંસદા
તા. ૨૫/૭/૨૦૨૫
સ્થળ : વાંસદા
કોર્ટનો સિક્કો

